


જય હનુમાન જ્ઞાન ગુણ સાગર... - હનુમાન જયંતિના પાવન પર્વે ગાંધીનગર - અમદાવાદ સહિત રાજયભરમાં ભાવિકોએ હનુમાનજીની આરાધના કરી હતી... અમદાવાદ - ગાંધીનગરના શ્રદ્ધાબિંદુ સમા કેમ્પના હનુમાન મંદિરે વહેલી સવારથી જ ભાવિકોની ભારે ભીડ વર્તાતી હતી... મંદિરના ગર્ભગૃહમાં કેક કાપી હનુમાન જયંતિની ઉજવણી કરાઈ હતી. મંદિર સંકુલને રોશનીથી શણગારાયું હતું...

# જ-માર્ગને સિકસલેન બનાવવા માટે હજારો વૃક્ષોનુ નિકંદન નિકળશે

## વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરી દેવાયુ : અડાલજ થી ચિલોડા સુધી બન્ને તરફ માર્ગને ૭.૫૦ મીટર પહોળો કરવાનુ આયોજન

ગાંધીનગર તા ૩૧

શહેરના જ માર્ગને સિકસલેન બનાવવા માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.જયારે જ માર્ગને સિકસલેન કરવા માટે પુર્વતૈયારીના ભાગરૂપે ગતિવિધિઓ પણ આરંભી દેવામાં આવી છે. આ માર્ગને બન્ને બાજુ ૭.૫૦ મીટર પહોળો કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પરંતુ આ માર્ગને અપગ્રેડ કરવાની કાર્યયોજના દરમિયાન રૂટમાં આવતા અંદાજિત ૧૦હજાર જેટલા હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળે તેવી શક્યતા છે. જો કે આ યોજનાને અનુલક્ષી વનતંત્રની ઉર્જા રેન્જ કક્ષાએથી વૃક્ષોનુ માર્કીંગ કરવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. ત્યારે નગરના પ્રકૃતિ પ્રેમીઓમાં અત્યારથી જ રોષ જોવા મળી રહયો છે. વૃક્ષોના ભોગે આ માર્ગને સિકસલેન બનાવાની યોજના સામે વૃક્ષપ્રેમીઓના મોં પણ વંકાયા છે. હરિયાળા વૃક્ષો કાપવાની ગતિવિધિઓના મંડાણ સામે અત્યારથી વિરોધ ઉઠવા પામ્યો છે.

શહેરમાં મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન બનાવાની યોજના બાદ હવે આ આ જ માર્ગને પણ સિકસલેન બનાવવા માટે ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે બજેટમાં પણ જોગવાઈ કરવામાં આવી છે. જો કે હજુ આ કાર્યયોજના અભ્યાસુ તબક્કામાં છે.અડાલજ થી ચિલોડા સુધીના માર્ગને સિકસલેન બનાવવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. માર્ગને બન્ને બાજુ ૭.૫૦ મીટર પહોળો કરવામાં આવશે. આ માર્ગને સિકસલેન બનાવવા માટે હજારો વૃક્ષોનુ નિકંદન વળે તેવી સ્થિતિ છે. વનંતત્રની ઉર્જા રેન્જ દ્વારા આ રૂટમાં વૃક્ષોનુ માર્કીંગ કરવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. અત્યાર સુધી ૧ હજાર જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરી દેવાયુ છે. જો કે હજુ સુધી વૃક્ષોની કટોતી મામલે વનવિભાગ દ્વારા મંજુરી આપવામાં આવી નથી. પરંતુ વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરી દેવાયુ છે. જ માર્ગને સિકસલેન બનાવવા માટે સેંકડો વૃક્ષોની કટોતી કરવામાં આવે તેમ હોવાથી સ્થાનિક અગ્રણીઓ તેમજ વૃક્ષ પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. આ યોજના અન્વયે વૃક્ષોની કટોતી કરવાના મામલે આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન પણ થાય તેવી સંભાવના છે.

### સાડા ચાર દાયકા પુર્વે રોપાઓની વાવણી માટે સંસ્થાએ ૧ લાખના ટ્રી ગાર્ડ આપ્યા હતા

શહેરના જ માર્ગ પર વૃક્ષોનો યોગ્ય રીતે ઉછેર થાય તે માટે વર્ષ ૧૯૭૪ દરમિયાન જયરામભાઈ પટેલ કો ઓ ઈન્સ્ટિટયુટ તરફથી રૂ ૧ લાખના ટ્રી ગાર્ડ પુરા પાડવામાં આવ્યા હતા. જયારે નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળના સહયોગથી વનવિભાગ દ્વારા ટ્રી ગાર્ડ મુકવામાં આવ્યા હતા. આ દરમિયાન માર્ગને અનુલક્ષી અવનવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ માર્ગ પર વનતંત્રની સાથે નગરની સામાજિક સંસ્થાઓ સાથે મળીને પ્લાન્ટેશન કર્યુ હતુ. અંદાજિત તે વેળાએ ૧૫ હજારથી વધુ રોપાઓની વાવણી કરવામાં આવી હતી.વનખાતાને ટ્રી ગાર્ડની ભેટ સાથે રોપાઓની વાવણીમાં પણ સંસ્થાઓએ સહયોગ પુરો પાડયો હતો. જયારે આજે આ માર્ગ પર સ્થિત વૃક્ષોને કાપવાની ગતિવિધિઓ સામે નગરજનો તેમજ સંસ્થાઓના અગ્રણીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે.

# આવતીકાલથી જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

## વાહકજન્ય રોગચાળાને નાથવાની રણનીતિના ભાગરૂપે આ સર્વે હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૧

આગામી ૨જી એપ્રિલથી જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં સતત બીજા વર્ષે આ પ્રકારનું સર્વેલન્સ હાથ ધરવામાં આવશે. આ સર્વેલન્સને કારણે જિલ્લામાં વાહકજન્ય રોગચાળો મહ્‌દઅંશે નિયંત્રિત રાખવામાં તંત્રને સારી એવી સફળતા મળી હતી. જિલ્લામાં વાહકજન્ય રોગચાળા સર્વેલન્સ પછી તંત્ર દ્વારા તેની આગામી રણનીતિ પણ તૈયાર કરવામાં સફળતા મળશે તેમ મનાઈ રહ્યુ છે. રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા મેલેરિયા એલીમીનેશન-૨૦૨૨ નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે મેલેરિયા, ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોના નિયંત્રણ અને અટકાયતની કામગીરીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા હાઉસ ટુ હાઉસ કામગીરીના ૩ રાઉન્ડ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ કામગીરીનો પ્રથમ રાઉન્ડ તા. ૨-૪-૧૮ થી તા. ૭-૪-૧૮ સુધી હાથ ધરવામાં આવનાર છે. ઉક્ત કામગીરીમાં ગાંધીનગર જિલ્લાના તમામ ૩૦૨ ગામો તથા અર્બન વિસ્તાર આવરી લઈ આ તમામ ગામો તથા અર્બન વિસ્તાર આશા, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર થઈ કુલ ૧૩૦૦ વ્યક્તિ દ્વારા સર્વેન્સ, પોરાનાશક કામગીરી, તાવના કેસના લોહીના નમૂના લેવા, મેલેરિયા પોઝીટીવ કેસને સંપૂર્ણ સારવાર આપવી તેમજ જનસમુદાયને તેમના વપરાશી પાણીના પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા, ઘરના છાપરા કે છત ઉપર પડેલ કાટમાળ દૂર કરવો, લોકો જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવે તે અંગે સમજ

● અનુસંધાન પાન-૭ પર

# આજથી મનપામાં ક્ષેત્રફળ આધારિત વેરા પ્રથા અમલી

## આ ઉપરાંત વાહનવેરો પણ વસુલાત અમલી બનશે : નવા કરમાળખામાં આવકની વૃદ્ધિ ૪ કરોડની આસપાસ રહેવાના અંદાજો સામે નવી સેવાઓના ભારણથી તંત્રની આર્થિક સ્થિતિ સંતુલિત બનાવવાનો અભિગમ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજથી નવી કરનીતિ અમલી બનશે. આ નવી કરનીતિને કારણે ૪ કરોડથી પણ વધુની આવકનો વધારો થશે તેમ મનાઈ રહ્યું છે.

મનપા દ્વારા સફાઈકર અને મિલ્કવેરામાં ક્ષેત્રફળ આધારિત વેરા પ્રથા દાખલ કરવા ઉપરાંત સોલિડ વેસ્ટ કલેક્શન ચાર્જ વસુલ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ટાવરના વેરાના દરમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

મનપા દ્વારા આવકના નવા સ્ત્રોત તરીકે વાહન રજીસ્ટ્રેશન પર વેરો લેવાની દરખાસ્તની થયેલી સ્વીકૃતિ પછી મનપાની આવકમાં રૂ. ૧ કરોડથી વધુ આવક આ નવા સ્ત્રોતમાંથી મળશે તેવા અંદાજો છે.

સોલિડ વેસ્ટ કલેકશન ચાર્જીસમાંથી રૂ. ૧ કરોડ તેમજ સોલિડ વેસ્ટમાં પણ શ્રેત્રફળ આધારિત વસુલાત દાખલ કરવામાં આવતાં તેમાંથી પણ રૂ. ૧ કરોડ જેટલી આવક મળશે તેવા અંદાજો છે. આ ઉપરાંત તંત્રએ મોબાઈલ ટાવરોના દરમાં કરેલા સુધારાને પગલે પણ આવકમાં અંદાજે રૂ. ૫૦ લાખનો વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે.

**શ્રેત્રફળ આધારિત વસુલાત દાખલ કરવામાં આવતાં તેમાંથી પણ રૂ. ૧ કરોડ જેટલી આવક મળશે તેવો અંદાજ**

મિલ્કતવેરામાં ક્ષેત્રફળ આધારિત વેરા વસુલી પદ્ધતિ અપનાવવામાં આવનાર છે પણ ૪૦ હજાર જેટલી મિલ્કતો ૧૫૦ મીટરની આસપાસની હોવાથી આવકમાં એટલી વૃદ્ધિ થશે નહિ જો કે મોટા પ્લોટ હોલ્ડરોના ભારણમાં વધારો જરૂર થશે. જો કે આવી મિલ્કતો ૧૦ હજાર જેટલી જ હોવાથી તંત્રને ૫૦ લાખ જેટલી વધુ આવક મિલ્કતવેરામાંથી મળશે તેવા આછા અંદાજો છે.

મનપાની આવકમાં વૃદ્ધિ થવાની સાથે ભવિષ્યમાં વધનારી સેવાઓના ભારણને કારણે મનપાનું અર્થતંત્ર સ્થિરતા જાળવી રાખશે તેવુ અર્થતંત્રના નિષ્ણાતો માની રહ્યા છે.

# નાણાંકીય વર્ષના અંતિમ દિવસે મનપાને વેરા પેટે ૨૯ લાખની આવક

ગાંધીનગર, તા. ૩૧

મનપાને આજે નાણાંકીય વર્ષના અંતિમ દિવસે મિલ્કતવેરાની વસુલાત પેટે રૂ. ૨૯ લાખની આવક થવા પામી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મોબાઈલ ટાવરો જે સિલ કરાયા હતા તેના થકી રૂ. ૧૧ લાખ, ચીફ ટાઉન પ્લાનરની કચેરી તેમજ બિરલા મુંડાભવન દ્વારા તેમના મિલ્કતવેરાની ચૂકવણી કરવામાં આવી છે. ઈન્ડિયન ઓવરસીઝ બેંક દ્વારા પણ વેરાની ચૂકવણી થઈ હોવાનું જાણવા મળેલ છે. આજની રૂ. ૨૯ લાખની વસુલાત સાથે મળી આ વર્ષે મિલ્કતવેરાની આવક ૨૦.૬૦ કરોડ જેટલી થવા પામી છે. જો કે તંત્રએ આ આવક રૂ. ૩૦ કરોડ જેટલી થવાનો અંદાજ સેવાયો હતો. મનપાને જો કે આજે અંતિમ દિવસે રૂ. ૨૯ લાખની આવક થતાં તંત્રને તેણે હાથ ધરેલી ઝુંબેશને થોડીક સફળતા મળી હોવાનો હાશકારો અનુભવ્યો છે. જો કે તંત્ર દ્વારા હવે વસુલાત માટે વધુ અસરકારક રણનીતિ તૈયાર કરશે તેમ મનાઈ રહ્યુ છે. મનપાની સૌથી મોટી બાકી સરકારી વિભાગો છે. જો કે તંત્રના અધિકારીઓએ હવે વિભાગો સાથે આ અંગે નાણાંકીય વર્ષના આરંભથી જ કવાયત હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

# સરકારી હોસ્પિટલોમાં હવે ખાનગી તબીબો પણ સેવા આપી શકશે

ગાંધીનગર,તા.૩૧

અમદાવાદની સિવિલ હોસ્પિટલ સહિતની રાજયભરની સરકારી હોસ્પિટલમાં સ્પેશિયાલિસ્ટ ડોકટરની અનેક જગ્યાઓ ખાલી પડેલી હોઈ દર્દીઓને ખાનગી પ્રેક્ટિસ કરતા ડોકટર પાસે જવું પડે છે. સ્પેશિયાલિસ્ટ ડોક્ટર નહીં હોવાના કારણે દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે મોટો ખર્ચ કરવાની ફરજ પડે છે, જેના કારણે હવે સીએમ સેતુ યોજના દ્વારા સરકારી મેડિકલ કોલેજ સાથે સંલગ્ન હોય તેવી સરકારી હોસ્પિટલમાં ખાનગી પ્રેક્ટિસ કરી રહેલા તબીબો તેમની માનદ સેવાઓ આપી શકશે. તેમની આ ઓનરરી સેવા બદલ તેમને ઓનરરી વેતન પણ આપવામાં આવશે.

રાજયની તમામ સરકારી હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ના અધિકારીઓની નિમણૂક જીપીએસસી (ગુજરાત જાહેર સેવા આયોગ) દ્વારા કરવામાં આવે છે, પરંતુ મોટા ભાગના સ્પેશિયાલિસ્ટ ડોકટર સરકારી હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરવાના બદલે ખાનગી હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરવાનું વધુ પસંદ કરે છે, જેના કારણે સરકારી હોસ્પિટલમાં સ્પેશિયાલિસ્ટ ડોકટરની સંખ્યા મોટા ભાગે અપૂરતી રહે છે. તેથી દર્દીઓએ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની સારવાર મેળવવી હોય તો ખાનગી દવાખાના કે હોસ્પિટલનો આશ્રય લેવો પડે છે. સીએમ સેતુ (મુખ્યમંત્રી સેતુ) યોજના હેઠળ હવે સરકારી હોસ્પિટલમાં ૧૨ પ્રકારના વિભાગના ખાનગી પ્રેક્ટિસ કરતા સ્પેશિયાલિસ્ટ ડોક્ટર તેમની માનદ સેવા આપી શકશે.

# અમૂલ ડેરીના એમ.ડી. કે.રત્નમનું રાજીનામું

આણંદ,તા.૩૧

અમૂલ ડેરીના એમ.ડી. કે રત્નમે રાજીનામુ આપ્યું છે. અમૂલ ડેરીના ડિરેક્ટરોની બેઠકમાં રાજીનામુ આપ્યું છે. કે.રત્નમે ચેરમેનને પત્ર લખ્યો હતો. પત્ર લઈને બોર્ડ ડિરેક્ટરોની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં રાજીનામુ આપ્યું હતું.

બોર્ડના સભ્યોની વચ્ચે વિખવાદ ચાલી રહ્યો હતો. રામસિંહ પરમાર થોડા સમય અગાઉ અમૂલના ચેરમેન બન્યા હતા. રામસિંહ પરમાર અને એમ.ડી. કે.રત્નમ વચ્ચે કેટલાય સમયથી અણબનાવ હતા. કે રત્નમે રામસિંહ પરમાર પર મનસ્વી વર્તનના આક્ષેપો લગાવ્યા હતા.

મહત્વનું છે કે, રામસિંહ પરમાર કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા. રાજ્યસભાની અહેમદ પટેલની ચૂંટણી સમયે રામસિંહ પરમાર ભાજપમાં જોડાયા હતા. સફળ અમુલ ડેરીને રાજનેતાઓ દ્વારા બદનામ કરવાનો કારસો. કુરીયને કરેલ મહેનત પર રાજનેતાઓ પાણી ફેરવી રહ્યા છે.

## બેસણું




મારા પૂજ્ય પિતાશ્રી **વાઘેલા વિક્રમસિંહ લક્ષ્મણસિંહ** તા. ૨૯/૩/૨૦૧૮ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨/૪/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૯ થી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : લેકાવાડા, દશામાનું મંદિર, તા.જી. ગાંધીનગર**

લી.

સ્વ. વાઘેલા વિનુસિંહ લક્ષ્મણસિંહ (મોટાભાઈ) — વાઘેલા નરેન્દ્રસિંહ વિક્રમસિંહ (પુત્ર)
વાઘેલા પ્રવિણસિંહ વિનુસિંહ (ભત્રીજો) — ગં.સ્વ. વાઘેલા રાજેશ્રીબેન વિક્રમસિંહ (પત્ની)

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **મનહરલાલ ઈશ્વરભાઈ સુથાર** (રીટાયર્ડ એસ.એસ.પી. મહેસાણા)નું તા. ૨૬/૩/૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૧/૪/૨૦૧૮ના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સરનામે રાખેલ છે.

**સ્થળ : ૫૦૭, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.**
**ફોન : ૯૯૨૫૦ ૮૬૪૮૮, ૯૮૨૫૨૪૬૯૬૬**

નિશા દર્શન ગજ્જર — દર્શન મનહરલાલ ગજ્જર
હેમાબેન રમેશલાલ મિસ્ત્રી — રમેશલાલ પુરુષોત્તમદાસ મિસ્ત્રી
અર્ચન પુનીલકુમાર ગજ્જર — પુનીલકુમાર પ્રભુભાઈ ગજ્જર

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
જશાભાઈ વલ્લવભાઈ સુથાર (વાસણા-બો.) — કનુભાઈ વલ્લવભાઈ સુથાર (વડોદરા)
ધર્મેન્દ્રભાઈ કનુભાઈ સુથાર (વડોદરા)

info City Club&Resort
SUMMER CAMP
HURRY UP!!
Starts 1st May,2018
TENNIS GYM SWIMMING CRICKET
Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-
1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm
3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
* Limited Batches
* Flexible Timing
If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net
" SAY NO TO TOBACCO "
* Terms & Conditions Apply

**જગ્યા ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી સુપર મોલ-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં,
આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

**જગ્યા ભાડે આપવાની છે**
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮,
ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે,
ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com